જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાં કોરોના પોઝીટીવનો છઠ્ઠો કેસ

લોદરાના ૯૦ વર્ષના વૃદ્ધાને ગઈકાલે સાંજે શરદી-તાવના લક્ષણો જણાતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા : ખોરજના એક પોઝિટિવ દર્દીને સાજા થતાં રજા અપાઈ : જિલ્લામાં કુલ ૧૭ કેસ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાં કોરોના પોઝીટીવનો છઠ્ઠો કેસ નોંધાતા જિલ્લા આરોગ્યતંત્રમાં હડકંપ મચી ગયો હતો. જિલ્લાના માણસા તાલુકાના લોદરાના ૯૦ વર્ષના વૃદ્ધાને કોરોના પોઝીટીવ આવતા જિલ્લાનો કોરોના પોઝીટીવનો આંક ૧૭ પર પહોંચ્યો હતો. લોદરામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્યતંત્રએ સમગ્ર ગામમાં સેનેટાઈઝેશન કરી દીધુ હતુ. ગામના પ્રવેશદ્વારો બંધ કરાયા હતા અને આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ઘનિષ્ઠ સર્વેલન્સ યુદ્ધના ધોરણે શરૂ કરાયુ હતુ. લોદરા આસપાસના ગામોમાં પણ ભારે ગભરાટની લાગણી ઉભી થઈ હતી. જોકે જિલ્લાતંત્ર દ્વારા સૌને સાવધાની રાખવા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ખોરજના વધુ એક પોઝિટિવ દર્દીને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાંથી રજા અપાતા ખોરજ ગામે હાશકારો અનુભવ્યો હતો. એટલું જ નહિ, કોરોના મુક્ત થઈ આવેલા દર્દીનું લાગણીપૂર્વક સૌએ સ્વાગત કર્યું હતું. અને આરોગ્ય કર્મીઓનો આભાર પણ માન્યો હતો. અગાઉ ગાંધીનગર શહેરમાં એક જ પરિવારમાં ૧૧ પોઝીટીવ કેસ નોંધાયા હતા. જેમાંથી આઠ વ્યક્તિઓને રજા અપાઈ છે. જ્યારે ગ્રામિણ વિસ્તારમાં અગાઉ ખોરજમાં બે કેસ, પેથાપુરમાં એક, કોલવડામાં એક, રાંચરડામાં એક અને આજે લોદરામાં વધુ એક કેસ નોંધાતા ગાંધીનગર જિલ્લામાં કેસની સંખ્યા ૧૭ એ પહોંચી છે. કોરોના પોઝીટીવ સંદર્ભે શહેર અને ગ્રામિણ વિસ્તારમાં મનપાના આરોગ્યતંત્ર અને જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા સતર્કતાના અનેક પગલાં લેવાયા છે. આમછતાં છૂટક છૂટક નોંધાતા કેસ ભારે ચિંતા ઉપજાવે છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરાના ૯૦ વર્ષના વૃદ્ધા મહિનામાં બે વખત દવા લેવા માટે સિવિલ હોસ્પિટલ નિયમિત રીતે આવતા હતા. જોકે સિવિલના સત્તાવાહકો દ્વારા મળતી માહિતી મુજબ તેમને હૃદયની બીમારી હતી. છેલ્લા કેટલાક સમયથી તેમની સારવાર પણ ખાનગી અને સરકારી હોસ્પિટલમાં થતી હતી.

લોદરા હોટસ્પોટ વિસ્તાર જાહેર

માણસા તાલુકાના લોદરા ગામની ૮૯ વર્ષીય મહિલાને કોરોના પોઝિટીવ : લોદરાના હોટ સ્પોટ વિસ્તારમાં કુલ- ૧૨ ટીમ બનાવી કુલ – ૮,૮૨૮ની વસ્તીનો : હાઉસ ટુ હાઉસ સર્વે શરૂ કરાયો : લોદરા ગામની જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર. આર. રાવલે રૂબરૂ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદારા ગામમાં આજરોજ ૮૯ વર્ષ મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ મહિલાને બી.પી. અને શ્વાસની ૬ થી ૭ વર્ષથી તકલીફ હતી. ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે લોદરા ગામની મુલાકાત લીધી હતી. લોદરા ગામને હોટ સ્પોટ જાહેર કરવામાં આવ્યું છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, ૮૯ વર્ષ મહિલાને બી.પી. અને શ્વાસની ૬ થી ૭ વર્ષથી તકલીફ હતી. અને તેના માટે સ્થાનિક ડૉકટર પાસેથી દવા લેતાં હતા. તેઓને તા. ૦૮ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ શ્વાસ લેવામાં તકલીફ થતાં તેઓને સ્થાનિક ડૉકટર પાસે સારવાર ચાલું કરવામાં આવી હતી. તા. ૧૫મી એપ્રિલ ના રોજ સવારે તેઓને વધારે શ્વાસ ચઢવાથી માણસા સિવિલ હોસ્પિટલ

● અનુસંધાન પાન-૭ પર

શહેરના એક શંકાસ્પદ કેસમાં નો નેગેટીવ-નો પોઝેટીવ રીપોર્ટ

નિવૃત્ત સનદી અધિકારીના પુત્રને શંકાસ્પદ કોરોનાના લક્ષણોના પગલે સિવિલમાં દાખલ કરાયો છે : ઈન્ટર મીડિયેટ રીપોર્ટ આવતા ફરીથી તપાસ કરાશે : આજે વધુ આઠ શંકાસ્પદ દાખલ

ગાંધીનગર, તા. ૧૬

કોરોના વૈશ્વિક મહામારી વચ્ચે ગાંધીનગરમાં પણ છૂટક છૂટક કેસ નોંધાઈ રહ્યા છે. સેક્ટર-૭ના એક નિવૃત્ત સનદી અધિકારીના પુત્રને શંકાસ્પદ કોરોનાના લક્ષણો સાથે સિવિલમાં દાખલ કરાયો છે. જો કે તેનો રીપોર્ટ ઈન્ટરમીડિયેટ એટલે કે નો નેગેટીવ-નો પોઝીટીવ આવતા હજુ તેને દાખલ રાખી થોડાક દિવસ બાદ પુનઃ તેના સેમ્પલ લેવામાં આવશે.

ગાંધીનગરમાં કોરોનાના કેસ છૂટક છૂટક મળી રહ્યા છે. આવા સમયે સેક્ટર-૭ માં રહેતા નિવૃત્ત સનદી અધિકારીના પુત્રને કોરોનાના શંકાસ્પદ લક્ષણો સાથે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી તેને શરદી-ખાંસીના લક્ષણો જણાતા સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા તેને તપાસવામાં આવ્યો હતો. જો કે બે દિવસ અગાઉ સિવિલના ખાસ વોર્ડમાં દાખલ કરી તેને કોરોના શંકાસ્પદ તરીકે ગણી તેના સેમ્પલ ટેસ્ટીંગ માટે મોકલ્યા હતા. જો કે તેનો ટેસ્ટીંગનો રીપોર્ટ વિચિત્ર આવ્યો છે. ટેસ્ટીંગનો રીપોર્ટ ઈન્ટર મીડિયેટ એટલે કે નો નેગેટીવ-નો પોઝેટીવ આવતા હજુ તેને થોડાક દિવસ સિવિલમાં દાખલ રાખી થોડાક દિવસો પછી પુનઃ તેનો રીપોર્ટ કરાવવામાં આવશે.

સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા મળતી માહિતી પ્રમાણે હાલમાં સિવિલમાં આઠ જેટલા શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે જે પૈકી ચારના રીપોર્ટ તપાસ માટે મોકલી અપાયા છે.

ગાંધીનગર પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત બંને ધારાસભ્યોના રિપોર્ટ નેગેટીવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલમાં ખાડીયા - જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની સાથે પત્રકાર પરિષદ સંબોધનાર બંને ધારાસભ્યો સર્વશ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) અને ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર)ના રિપોર્ટ નેગેટીવ આવતા ભારે હાશકારો અનુભવાયો હતો.

બીજી તરફ ઈમરાન ખેડાવાલાના પરિવારમાં ભાઈ, ભાભી, બે ભાણી તથા ભત્રીજાની પત્નીને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા સમગ્ર પરિવાર ચિંતામાં ડુબી ગયો હતો.

અમદાવાદ કોર્પોરેશનના કોંગ્રેસના અગ્રણી બદરૂદ્દીન શેખના પત્ની અને કામવાળી બહેનને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા તંત્રમાં અને પરિવારમાં ચિંતા વ્યાપી હતી. કોરોના વાયરસે અમદાવાદના ધારાસભ્યો અને કોર્પોરેટરોને સતર્ક કર્યા છે. એટલું જ નહિ અમદાવાદના મેયરે આજે મિડિયા સાથેની વાતચીતમાં અમદાવાદની હાલત ગંભીર હોવાનું જણાવ્યું હતું.

શહેરમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવું જોઈએ

કોરોનાને નિયંત્રણમાં રાખવા માટે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગ વધારવુ અનિવાર્ય

ગાંધીનગર તા ૧૬

સમગ્ર વિશ્વમાં કોરોનાના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. ભારતમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યા રોજબરોજ વધી રહી છે. જયારે ગુજરાતમાં કોરાનાના અત્યાર સુધી ૮૦૦ થી વધુ દર્દીઓ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લામાં પણ સમયાંતરે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેરના સેકટરોમાં હજુ કોરોનાનુ પુરતુ ટેસ્ટીંગ થતુ નથી. રાજયના હોટ સ્પોટ જાહેર કરાયેલા વિસ્તારમાં સ્વાભાવિક વધુ ટેસ્ટ કરવામાં આવે પરંતુ ગાંધીનગરમાં આગામી દિવસોમાં દર્દીઓની સંખ્યા વધે નહીં અને વધુ નાગરિકો સંક્રમિત ન થાય તે માટે ટેસ્ટીંગ વધારવુ જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

સમગ્ર દેશમાં કોરોનાના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકામાં કોરોનાના દર્દીઓની સંખ્યા રોજબરોજ કુદકે ને ભુસકે વધી રહી છે. મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. જયારે ભારતમાં પણ કોરોનાના રોગચાળાએ પગપેસારો કર્યા બાદ ટુંકા સમયગાળામાં જ કેસોની સંખ્યા વધી છે. હાલ દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૨ હજારથી વધુ છે.

● અનુસંધાન પાન-૭ પર

કોલવડા આર્યુવેદિક કોલેજના બિલ્ડીંગમાં ઘુસેલા દિપડાને કેદ કરાયો

સવારે મહીલા સફાઇ કામદારે ટોઇલેટમાં દિપડાને જોતા દરવાજો બંધ કરી દીધો હતો : વનતંત્રની ટીમે શુટગનની મદદથી દિપડાને બેભાન કરી પાંજરે કેદ કર્યો : કોરોનાનો પોઝિટીવ કેસ પણ ગામમાં નોંધાયો હોવાથી દિપડાને પણ ગીરફાઉન્ડેશનમાં ઓબઝર્વેશન હેઠળ રખાયો : અઢી વર્ષનો નર દિપડો સ્વસ્થ : અગાઉ નદી કીનારાના વિસ્તારમાં દિપડો ફરતો હોવાની ફરિયાદો પણ ઉઠી હતી : કોલવડા ગામ બે દિવસથી સમાચારના કેન્દ્ર સ્થાને

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર નજીકના કોલવડા ગામમાં સ્થિત આર્યુવેદિક કોલેજના બિલ્ડીંગના ટોઈલેટમાં આજે સવારે એક દિપડો દેખા દેતા હાજર મહીલા સફાઈ કામદારે દરવાજો બંધ કરી દિપડાને પ્રથમ બાથરૂમમાં કેદ કરી દીધો હતો. જયારે ઘટનાની જાણ થતા જ સ્થળ પર પહોંચેલી વનવિભાગની ટીમે શુટગનની મદદથી દિપડાને બેભાન કરીને પાંજરામાં કેદ કર્યો હતો. અઢી વર્ષના નર દિપડાને હાલ ગીરફાઉન્ડેશનમાં અલગ ઓબઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યો છે. ગામમાંથી હમણાં જ એક કોરોનાનો દર્દી પણ નોંધાયો હોવાથી વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેર નજીક સ્થિત કોલવડા ગામ છેલ્લા બે દિવસથી સમાચારના કેન્દ્ર સ્થાને છે. બે દિવસ અગાઉ ગામમાંથી એક મહીલાને કોરોના પોઝિટીવ હોવાનુ ધ્યાને આવતા આરોગ્યતંત્રની ટીમ દોડતી થઈ હતી. જયારે આજે સવારે ગામની આર્યુવેદિક કોલેજના સંકુલમાં દિપડો ઘુસી જતા વનતંત્રના અધિકારીઓ કોલવડા તરફ દોડયા હતા. આજે સવારે કોલવડા ગામની આ કોલેજના બિલ્ડીંગના ટોયલેટ બ્લોકમાં દીપડો ઘુસી જતા સ્થાનિક મહીલા સફાઈ કામદારે દિપડાને જોતા ચોંકી ઉઠયા હતા. હોસ્પિટલના કર્મચારી અરૂણાબેન શર્મા, આચાર્ય સ્વીટીબેન તેમજ અધિક્ષક ડો રાકેશ ભટ્ટે સમય સુચકતા દાખવી સિફતાઈપુર્વક બારણું બંધ કરી દેતા દિપડો મોટા રૂમ જેવા બાથરૂમ અને પેસેજમાં પુરાઈ ગયો હતો. આ અંગે ગામના સરપંચ રમેશ પટેલે વનતંત્રને જાણ કરતા વનવિભાગના અધિકારીઓની ટીમ ત્વરિત ઘટના સ્થળે પહોંચી હતી. ડી એફ ઓ એસ ડી ડામોર , રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈ સહતનો સ્ટાફ દિપડાને કેદ કરવા માટે સ્થળ પર પહોંચી ગયો હતો. જયારે સ્થળ પર સ્થિતિનુ નિરિક્ષણ કરતા તંત્રના અધિકારીઓને સીધી રીતે દિપડાને પાંજરામાં કેદ કરવાનુ મુશ્કેલ લાગ્યુ હતુ. જેથી વન તંત્રના અધિકારીઓએ ઈન્દ્રોડા પાર્કમાં જાણ કરીને ગન સહીત ડોકટરની ટીમ બોલાવી હતી. સ્થળ પર આવી પહોંચેલી ટીમની મદદથી દીપડાને ગનથી શુટ કરી બેભાન કરી દેવાયો હતો. ત્યારબાદ પાંજરામાં દિપડાને કેદ કરી લેવાયો હતો. હાલ આ અઢી વર્ષનો નર દિપડો સ્વસ્થ છે. જયારે દિપડાને ગીર ફાઉન્ડેશનમાં ઓબઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યો છે. શહેર નજીક સ્થિત કોલવડા ગામમાં બે દિવસ અગાઉ જ કોરોના પોઝિટીવ દર્દી મળી આવતા તંત્ર દોડતુ થઈ ગયુ હતુ. જયારે આ જ વિસ્તારમાં દિપડો આવી જતા કોરોનાની મહામારીને અનુલક્ષી તંત્રએ વિશેષ સાવધાની દાખવી છે. જેથી આ દિપડાને પણ ગીર ફાઉન્ડેશનમાં અલગ થી રાખવામાં આવ્યો છે. દિપડો ક્યાંથી આવ્યો તેમજ કેટલા દિવસથી અહીં હતો. સમગ્ર મામલે વનતંત્રની ટીમે તપાસનો દોર હાથ ધર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



શ્રધ્ધા સુમન

મારા ધર્મપત્નિ અ.સૌ. જયાબેન શાન્તિલાલ પટેલ (ગામ : હસનપુર, રહે : ગાંધીનગર) ઉંમર વર્ષ - 68 તા.14 એપ્રિલ, ચૈત્ર વદ-7 (સાતમ) ને મંગળવાર ના રોજદેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું

લિ.

પટેલ શાન્તિલાલ ભુદરદાસ
પટેલ રમણભાઈ ભુદરદાસ (ભાઈ)
પટેલ મયુર શાન્તિલાલ (પુત્ર)
પટેલ મેહુલ શાન્તિલાલ (પુત્ર)
પટેલ પ્રદીપ શાન્તિલાલ (પુત્ર)

પૌત્ર : પ્રિન્સ, પાર્શ્વ, પ્રેયશ, પૂર્વાંગ, માન
પૌત્રી : મોક્ષા, રિયા, ધ્યાની, હેત્વી

પટેલ સંદીપ ભોગીલાલ (ભત્રીજા)
પટેલ મૌલિક ભોગીલાલ (ભત્રીજા)
પટેલ ચિરાગ રમણભાઈ (ભત્રીજા)

સરનામું : પ્લોટ નં. 1102/2, સેક્ટર - 6 સી, વાવોલ રોડ, ગાંધીનગર-382006 Mo. 93288 64380
નોંધ : અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાખીને લૌકિક ક્રિયા રાખેલ નથી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com